





## અરવલ્લી જિલ્લા યુવા મોરચાએ બાઈક રેલી યોજી પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીનુ સ્વાગત

ગુજરાત રાજ્ય ભાજપા પ્રમુખ જીતુભાઈ વાઘાણી ગુરૂવારે મોડાસાની મુલાકાતે આવી પહોંચતા અરવલ્લી જિલ્લા યુવા મોરચા દ્વારા મોડાસા શહેરમાં ભવ્ય બાઈક રેલી યોજી હતી. બાઈકરેલી મોડાસા વિશ્રામગૃહથી રામપાર્ક સોસાયટી અને બસસ્ટેન્ડ વિસ્તારના માર્ગો પર ફરી મોડાસા ચાર રસ્તા ખાતે પુર્ણ થઈ હતી. મોટી સંખ્યામાં બાઈકો અને ભાજપાના ઝંડા સાથે ઉમટી પડેલા કાર્યકરોથી શહેરના માર્ગો પર કેસરીયો લહેરાયો હતો. વંદે માતરમના નારા ગુંજી ઉઠ્યા હતા. અરવલ્લી જિલ્લા યુવા પ્રમુખ પ્રશાંત પટેલ અને દેવલ ત્રિવેદીની આગેવાની હેઠળ રેલી યોજાઈ હતી.

## મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અંતર્ગત બાઈક રેલી યોજાઈ

બાયડ, તા. ૨૨

સરકારશ્રીના નવીન અભિગમ મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અંતર્ગત તેમજ મેલેરિયા વિરોધી માસ ઉજવણી બાબતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ અધિકારી, બાયડ, અધિક્ષક ડૉ. સોલંકી દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બાઈક રેલી બાયડ શહેરી વિસ્તારમાં ફેરવવામાં આવી હતી. રેલી દરમ્યાન સૂત્રોચ્ચાર માઈક



વર્માના માર્ગદર્શન મુજબ બાયડ તાલુકાના આરોગ્ય કર્મચારી મેઈલ, ફિમેલ દ્વારા મેલેરિયા બાબતે જન જાગૃતિ લાવવા અંગે બાઈક રેલીનું પ્રાંત અધિકારી બાયડ તેમજ ડૉ. ડી.સી. પરમાર તાલુકા આરોગ્ય તેમજ પ્રચાર પત્રિકાનુ કરવામાં આવ્યું. આમ રેલીનું સફળ આયોજન તાલુકા હેલ્થ સુપરવાઈઝર એમ.કે. પટેલ તથા મ.પ.સુ. વાય.એસ. રાવલ અને જી.સી. ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું.





## મોડાસા ખાતે ખાણ ખનીજ અને ટાઉન પ્લાનીંગના અધિકારીઓ ઓફીસમાં ઉંઘતા ઝડપાયા

અરવલ્લી જિલ્લાની સેવાસદનમાં આવેલી જિલ્લાની ટાઉન પ્લાનીંગ તથા ખાણ-ખનીજ ખાતાના કર્મચારીઓ જ્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવે છે તે સમયે આ બંને ખાતાની ઓફીસના અમુક ટેબલો ખાલીખમ જોવામાં આવ્યા જ્યારે એક બે ટેબલ ઉપર જે કર્મચારી હતા તે પુરી નિંદ્રા લેતા દેખાયા હતા. જ્યારે એક કર્મચારી કોમ્પ્યુટરમાં હિન્દી ફિલ્મ જોતા હતા. આ બંને ઓફીસમાં મુખ્ય અધિકારી હાજર ન હોવાથી જે કર્મચારી હાજર હતા તે રાજાશાહીમાં આવી ગઈ આવતા મુલાકાતીઓને સાહેબ હાજર નથી એમ કહીને પાછા ધકેલી દેતા હતા. જ્યારે દેશના વડાપ્રધાન મોદીજી જિલ્લા સેવા સદનથી થોડેક દૂર મદાપુર કંપાના મેદાનમાં આવી રહ્યા છે ત્યા તડામાર તૈયારી કરવાના બદલે બે જવાબદાર બનીને કુંભકર્ણની નિંદર માણી રહ્યા હતા.

## ‘‘હોમ્સ ફોર ઓલ’’ ગાહેડ-ક્રેડાઈ ‘‘હોમ્સ ફોર ઓલ પ્રોપર્ટી શો-૨૦૧૭‘‘ યોજવા સજ્જ

ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ હાઉસિંગ એન્ડ એસ્ટેટ ડેવલપર્સ ગાહેડ-ક્રેડાઈ દ્વારા અમદાવાદના સૌથી મોટા પ્રોપર્ટી એક્સપો ‘‘હોમ્સ ફોર ઓલ પ્રોપર્ટી શો-૨૦૧૭‘‘ નું આયોજન કરાયુંછે. આ પ્રોપર્ટી શોની શ્રુંખલાની ૧૨મી એડિશન માં શ્રી પ્રધાન મંત્રી ના **“Housing fro all by 2022”** ના સ્વપ્રને સાકાર કરવા ગાહેડ ક્રેડાઈ દ્વારા ‘‘સૌને ઘર ૨૦૧૭’’ પ્રોપર્ટી શો ૨૪ જૂને સવારે ૧૦ વાગ્યે થી શરુ થવા જઈરહ્યો છે.

આ પ્રોપર્ટીશો તા. ૨૪ અને ૨૫ જૂનના રોજ યુનિવર્સિટી કન્વેન્શન હોલ, અમદાવાદ ખાતે યોજાશે. આ મેગા ઈવેન્ટમાં પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત ઞ્ન્જીજી સ્કીમ હેઠળ મળવાપાત્ર સબસીડીની જાણકારી તથા સબસીડી મેળવનાર વ્યક્તિઓને પ્રમાણપત્ર એનાયત કરવાનો કાર્યક્રમ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલ હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ફેસિલિટીઝ અને શહેરમાં થયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અંગે થયેલ કામગીરી પ્રદર્શિત અને લોકાર્પણ કરશે. કેન્દ્ર સરકારના શહેરી વિકાસ પ્રધાન શ્રી વેંકૈયા નાયડુ, ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી વિજય રૂપાણી, નાયબ મુખ્ય પ્રધાન શ્રી નિતીન પટેલ, મેયર શ્રી ગૌતમ શાહ, આરોગ્ય અને શહેરી વિકાસના મંત્રી શ્રી શંકર ચૌધરી ની ઉપસ્થિતિમાં આ પ્રોપર્ટી શો નું ઉદઘાટન તેઓ શ્રી ના વરદ હસ્તે કરવામાં આવશે.

## અમદાવાદમાં યોગ દિવસની ઉજવણીમાં ૨૨થી વધુ સર્જાયેલ રેકોર્ડ કોના નામે? ડૉ. હિમાંશુ પટેલ

‘‘યોગ’’ એ તંદુરસ્તી માટે સારી બાબત છે. નાગરિકો સ્વયં પણ આરોગ્ય અંગે સભાન છે. જોકે ગુજરાતની ભાજપ સરકારે ‘યોગ’ ને રાજકીય તમાસો બનાવી દીધો છે. જે અત્યંત દુઃખદ બાબત છે. ભાજપના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિન પટેલને કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આકરા સવાલો પુછ્યા છે.

૧. ‘યોગ’ના નામે બાબા રામદેવની પતાજંલિના બીઝનેસને વધારવા ગુજરાતની તિજોરી પર આર્થિક ભાર કેમ મુક્યો? આ યોગના જે રેકોર્ડ થયા તે કોના નામે થયા?
૨. ‘યોગ’ના નામે રાજકીય લાભ ખાટવા ગુજરાતની જનતાને કેમ હેરાન કરો છો?
૩. ‘યોગ’ની પાછળ જેટલા રૂપિયા ખર્ચા તેટલામાં ખેડૂતોને આંશીક આર્થિક રાહત આપવાનું કેમ ન વિચાર્યું?
૪. આંતરરાષ્ટ્રીય ‘યોગ’ દિવસ ઉજવવાની જગ્યાએ બાબા રામદેવને પ્રચાર વધુ થતો હોય તેમ નથી લાગતું?
૫. માનનીયશ્રી નિતીનભાઈ, આપ ખેડૂત પુત્ર છો આપને ‘યોગ’ના નામે તાયફા કરવા કરતા ખેડૂતના પ્રશ્નોમાં કેમ રસ નથી લેતા?
૬. ગુજરાતની શાળા-કોલેજોમાં જે વ્યાયામ (સ્પોર્ટસ ટીચર) શિક્ષકોની ભરતી નથી કરતા ત્યારે આરોગ્યની ચિંતા નથી થતી?
૭. સરકારના ખર્ચે ‘યોગ’ ના નામે બાબા રામદેવનું બ્રાન્ડીંગ થાય છે તે પણ ગુજરાતના ખેડૂતો અને વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે?
૮. તમેજ બોલ્યા કે ૫૪૫૨૨ લોકોએ ‘યોગ’ કર્યા. જ્યારે ૫ લાખ લોકોની વ્યવસ્થામાં ગુજરાતની પ્રજાના કેટલા રૂપિયા ખર્ચ્યા?
૯. ‘યોગ’ના નામે વર્લ્ડ રેકોર્ડ કરવાની લ્હાયમાં શાળા-કોલેજોનું શિક્ષણ બગડ્યું છે?
૧૦. એસ.ટી. વિભાગ દ્વારા સંખ્યા કરવાની લાહ્યમાં સમગ્ર ગુજરાતની પ્રજા એસ.ટી. સેવાથી વંચિત રહી અને તકલીફો વેઠી એની જવાબદારી કોની?

આમ છેલ્લા એક મહિનાથી તમારા મહોત્સવોના નામે શિક્ષણ કાર્ય થયુ નથી કારણ તા. ૧લી થી તા. ૧૦મી સુધી શાળા પ્રવેશોત્સવના નામે અને પછી તા. ૧૦મી થી આજદિન સુધી ‘આંતરરાષ્ટ્રીય યોગ’ ના નામે સરકારી તંત્રનો દુરપયોગ થાય છે.

## સરકારી પ્રાથમિક શાળા, સેકટર-૨૪/૧ ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરશ્રી પ્રવીણભાઈની ઉપસ્થિતિમાં સરકારી પ્રાથમિક શાળા, સેકટર-૨૪/૧ ખાતે તા. ૨૨/૬/૨૦૧૭ ને ગુરુવારના રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ સુંદર રીતે સંપન્ન કરવામાં આવ્યો. જેમાં કોર્પોરેટરશ્રી અંકિતભાઈ બારોટ, કોર્પોરેટરશ્રી ધીરુભાઈ ડોડીયા, શ્રી સુરેશભાઈ મહેતાએ ઉપસ્થિત રહી ધોરણ-૧ ના બાળકોની પ્રવેશવિધિ કરી હતી.

સરકારશ્રીના તમામ બાળકોનું નામાંકન થાય તેવા ધ્યેય સાથે મહાનગર પાલિકા દ્વારા ધોરણ-૧ ના તમામ બાળકોને સ્કૂલબેગ, શ્રી સ્વામીનારાયણ મંદિર સેકટર-૨૩ ના મંડળ તરફથી શાળાના તમામ બાળકોને નોટબુક, ચોપડા તેમજ પેન,પેન્સિલ, શાળાના શિક્ષિકાબેન શ્રી અંજનાબેન પટેલ દ્વારા ધોરણ ૩ થી ૮ ના તેજસ્વી વિદ્યાર્થીઓને પુસ્તક ઈનામ તરીકે આપી પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી પ્રવીણભાઈ પટેલ દ્વારા બાળકોને અભિમન્યુનું ઉદાહરણ આપી શિક્ષણ માટે પ્રેરણા પૂરી પાડી હતી તેમજ શાળાના શિક્ષકગણને બાળકોની માતા બની કેળવણી આપવા જણાવ્યું હતું. શાળાના આચાર્યશ્રી વિપુલકુમાર બ્રહ્મભટ્ટ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ બાદ મહેમાનશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ, ટ્રાન્સપોર્ટ્રેશન, બાળમેળો તથા જીવન કૌશલ્ય મેળાનું નિરિક્ષણ કરી બાળકોનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું.





## ડીસાના ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર યોગ દિવસની ઉજવણી

આખુ વિશ્વ ૨૧ જુને યોગ દિવસ મનાવી રહ્યું હતું ત્યારે રમત ગમત ક્ષેત્રે ડીસામાં આગવી ઓળખ ધરાવતી ધી ડીસા સ્પોટર્સ એકેડમી ડીસા દ્વારા ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ડીસા સ્પોટર્સ એકેડમી ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર ડીસા શહેરના નાગરિકોને સારી તંદુરસ્તી મળી રહે તે માટે સુંદર કાર્યો કરી રહી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જયારે વિશ્વને યોગ તરફ દોરી છે ત્યારે ડીસા એકેડેમીમાં પણ રોજ સવારે યોગ શિક્ષક આશારામભાઈ નાઈ પોતાનો સવારે સમય આપી ડીસાના નાગરિકો અને ખેલાડીઓને યોગ કરાવી રહ્યા છે. જેમાં રોજ સવારે ૧૦૦ થી વધારે લોકો લાભ લે છે. ગતરોજ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ડીસા ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ આઈપીઓ ૨૮ જૂન ૨૦૧૭ના રોજ ખુલશે, ૩૦ જૂન, ૨૦૧૭ના રોજ બંધ થશે

મુખ્યત્વે ઓછી અને મધ્યમ આવક ધરાવતી વ્યક્તિઓ અને વ્યવસાયોને સેવા આપતી સ્મોલ ફાઈનાન્સ બેંક (‘એસએફબી’) એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ (‘બેંક’, ‘કંપની’ કે ‘ઈશ્યૂઅર’) ૨૮ જૂન, ૨૦૧૭ના રોજ ૫૩,૪૨૨,૧૬૯ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (‘ઓફર’) મારફતે રોકડના બદલામાં (શેરનં પ્રીમિયમ સહિત) રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૫૩,૪૨૨,૧૬૯ ઈક્વિટી શેર (‘ઈક્વિટી શેર’)ના આઈપીઓની યોજના ધરાવે છે. આ ઓફર ફોર સેલમાં સંજય અગ્રવાલના ૨,૪૯૪.૭૬૯ ઈક્વિટી શેર, શ્રીમતી જ્યોતિ અગ્રવાલના ૨,૩૬૩,૭૧૨ ઈક્વિટી શેર, શ્રીમતી શકુંતલા અગ્રવાલના ૨,૨૭૪,૩૨૬ ઈક્વિટી શેર, ચિરંજીલાલ અગ્રવાલના ૧,૨૯૦,૪૪૯ ઈક્વિટી શેર (સંયુક્તપણે ‘પ્રમોટ વિક્રેતા શેરધારકો’), એમવાયએસ હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ (‘એમવાયએસ’ અને ‘પ્રમોટર ગ્રુપ વિક્રેતા શેરધારક’)ના ૫૭૬,૭૪૪ ઈક્વિટી શેર, રેડવૂડ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ (‘રેડવૂડ’)ના ૧૪,૮૦૦,૦૦૦ ઈક્વિટી શેર, ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન (‘આઈએફસી’)ના ૭,૫૭૨,૧૬૯ ઈક્વિટી શેર, લાભ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડ (‘લાભ’)ના ૧૧,૨૫૦,૦૦૦ ઈક્વિટી શેર, ઓરિયા હોલ્ડિંગ્સ લિમિટેડ (‘ઓરિયા’)ના ૧૦,૩૬૫,૩૬૮ ઈક્વિટી શેર અને કેદાર કેપિટલ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડના ૪૩૪,૬૩૨ ઈક્વિટી શેર સામેલ છે (‘વિક્રેતા શેરધારકો’)

## વિપક્ષના ઉમેદવાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. સોનિયા ગાંધીએ ૧૭ વિપક્ષી નેતાઓની બેઠક યોજી હતી. જેમાં તમામ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ આખરે મીરા કુમારના નામ પર પંસદગી ઉતારી હતી. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે મીરા કુમાર રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે રહેશે. મીરા કુમાર કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે. પાર્ટીના મોટા દલિત ચહેરા તરીકે પણ છે. પૂર્વ ।નાયબ વડાપ્રધાન બાબુ જગજીવન રામની પુત્રી મીરા કુમાર છેલ્લી લોકસભામાં અધ્યક્ષ તરીકે હતા. તેમની દાવેદારીને લઈને પહેલાથી જ ચર્ચા હતી. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકીય ગરમી વચ્ચે ગઈકાલે બુધવારના દિવસે બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારે પોતાના નિર્ણયની પણ જાહેરાત કરી હતી. એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રામનાથ કોવિંદને ટેકો આપવાની જાહેરાત આખરે જેડીયુ દ્વારા ગઈકાલે કરી દેવામાં આવી હતી. આની સાથે જ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના મુદ્દે વિપક્ષી છાવણીમાં તિરાડની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. કોંગ્રેસ અને આરજેડીથી અલગ થઈને જેડીયુએ એનડીએના ઉમેદવારને ટેકો આપવાની જાહેરાત કરી હતી. જેડીયુના નેતા રત્નેશ સદાએ પટણામાં પક્ષના ધારાસભ્યોની બેઠક બાદ પાર્ટીના નિર્ણયની જાહેરાત કરી હતી. નીતિશકુમારે પોતાના ધારાસભ્યોને કહ્યું હતુ કે, ભાજપ દ્વારા પસંદ કરવામાં આવેલા કોવિંદ કુશળ ઉમેદવાર તરીકે છે.

## ત્રાસવાદીઓ ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે મળીને સંયુક્ત રીતે આ ઓપરેશનને પાર પાડ્યુ હતુ. આજે ગુરૂવારના દિવેસે ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની હજુ સુધી ઓળખ કરવામાં આવી નથી. આ ત્રાસવાદીઓ કયા સંગઠનના હતા તે અંગે પણ હજુ માહિતી મળી શકી નથી. પોલીસ, એસઓજી અનેસેનાના ૨૨ આરઆરના જવાનો આ ઓપરેશનમાં સામેલ થયા હતા. ત્રાસવાદીઓ હાલમાં સ્થાનિક વસ્તી ધરાવતા લોકોની વચ્ચે ઘુસી ગયા છે. કેટલાક મામલે તો બાતમી મળતી નથી જેથી હુમલાને અંજામ આપી દેવામાં ત્રાસવાદીઓ સફળ થઈ જાય છે.

## હિંસક આંદોલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે ખેડૂતો પાસેથી જમીન લીધી હતી. બાદમાં અહીંયા સેનાનો કેમ્પ બનાવવાની તૈયારીઓ કરવામાં આવી.

બીજા વિશ્વ યુદ્ધ વખતે આ જમીન બ્રિટીશ આર્મીના કબજામાં હતી. દેશ આઝાદ થયા બાદ તેના પર ખેડૂતોઓ કબજો કરી દીધો. સેના હવે ફરી આ જમીન પર તેનો અધિકાર ઈચ્છે છે. ખેડૂતો આ વાતનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે જમીન એરપોર્ટ માટે લેવામાં આવી હતી તેથી અહીંયા એરપોર્ટ જ બનવું જોઈએ. આંદોલનકારી ખેડૂતોએ ગુરુવારે સડક પર ઉભેલી અનેક ગાડીઓમાં તોડફોડ કરી આગ ચાંપી દીધી. આ ઘટના બાદ કલ્યાણથી હાજી મંગલ જતો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ તહેનાત કરી દેવામાં આવી છે.

## પ્રવાસી શિક્ષકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્ય સચિવ સમક્ષ ગામની માતાઓએ નાળિયા પર રસ્તો બનાવી આપવાની રજઆત કરતું આવેદનપ પત્ર આપ્યું હતું. જે અંગે જરૂરી કાર્યવાહી કરવા જિલ્લા કલેકટર અને ડીડીઓને તેમણે સૂચવ્યું હતું.

આજના પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બોરીજની શાળાના બાળકોના એનીમેશન પ્રોજેકટ પર મુખ્ય સચિવશ્રીએ પ્રસન્નતા વ્યકત કરી હતી. તેમણે બાળકો સાથે ગોષ્ઠી કરી હતી. પ્રવેશોત્સવના આ પર્વે બાળકો સાથે શાળાના ત્રણ બાળકોના જન્મદિવસની પણ ઉજવણ કરવામાં આવી હતી એટલું જ નહિ બાળકોએ બેટી બચાવો અંગે અંગ્રેજીમાં તો સ્વચ્છતા મિશન પર હિન્દીમાં પ્રવચન કરી મહેમાનોને દિગ્મૂઢ કરી દીધા હતા.

મુખ્ય સચિવશ્રીએ ગુણોત્સવના ગ્રેડીંગને લઈ પણ શિક્ષકોને પૃચ્છા કરી હતી. માળખાકીય સુવિધામાં એ ગ્રેડ પણ શૈક્ષણિક મૂલ્યાંકનમાં બી ગ્રેડ હોવાનો એકરાર શિક્ષકોએ કર્યો હતો ત્યારે મુખ્ય સચિવશ્રીએ વાલીઓને જાગ્રત થવા પર ભાર મુકી પોતાના પ્રવચનમાં બાળક શાળામાં નિયમિત જાય એનું હોમવર્ક નિયમિત કરે અને બને તેટલું વાંચન પર ધ્યાન આપે તે જોવા જણાવી ટીવીની સિરીયલો જોવાનું ટાળે તેવી સલાહ પણ આપી ટીવીની ઈડિયટ બોકસ સાથે સરખામણી એસ.એમ.સી.ની બેઠકમાં કરી હતી.

તેમણે વ્યસન મુકિત પર પણ ભાર મુકયો હતો. જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ વ્યસનના સેવન માટે બાળકોનો ઉપયોગ ના કરતા તેમ પણ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું હતું.

મુખ્ય સચિવ શ્રી સિંઘે ફી નિર્ધારણ સમિતિ અંગે પુછાયેલા પત્રકારોના ઉત્તરમાં જણાવ્યું હતુ કે ગુજરાતનો અમલ કરવા બીજા રાજયો તત્પર બન્યા છે અને ગુજરાતમાં અમલનું પ્રથમ વર્ષ હોઈ તેમજ કેટલીક શાળાઓ કોર્ટમાં ગઈ હોવાથી અંતરાયો છે પણ સરળતા ટુંકમાં સ્થપાઈ જશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

## રથયાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધાર્મિક સિવાય અન્ય કોઈપણ પ્રકારના સુત્રો ન બોલવા માટે પણ સમિતિએ ભાવિકોને વિનંતી કરી છે. કોઈપણ પ્રકારની રૂકાવટ વગર રથયાત્રા આગળ વધે તે માટે નાગરિકોએ પુરતો સહકાર આપવા પણ જણાંવાયુ છે. રથયાત્રા દરમિયાન નગરના તમામ વસાહત મંડળો,શૈક્ષણિક, ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ અને વેપારીઓ પણ ઉત્સાહભેર જોડાય તે માટે પણ સમિતિએ અગાઉથી જાણ કરવા માટે જણાંવ્યુ છે. બપોરના વિસામા દરમિયાન સે-૨૯ સ્થિત ભગવાનના મોસાળામાં ૮ હજાર જેટલા ભાવિકો માટે મોહનથાળના પ્રસાદનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ વખતે રજાના દિવસે રથયાત્રા હોવાથી ભાવિકો વધુ સંખ્યામાં પ્રસાદનો લાભ લેશે તેમ પણ સમિતિએ જણાંવ્યુ છે.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

સાચી છે, મેં ૬ વર્ષથી ચાલુ કરી આજે ૮૫ વર્ષ પુરા કર્યા એ ભાગવાન ની દયા છેકે મને કોઈ તમાકુની આડઅસર થઈ નથી પણ તમાકુ ખરાબ વસ્તુ છે. મે તો મારું જીવન હવે પૂરું કર્યું પણ નવ યુવકો ને સલાહ આપું કે તમાકુ ના ખાઓ.તંદુરસ્તીથી જીવો ખાતા હોવ તો બંધ કરો. હા, વ્યાસન કરતા માણસ વ્યાસન કેમ કરતા હોય છે? સામાન્ય રીતે બુદ્ધિ જીવી મનુષ્યો કામ માં એટલા બધા વ્યસ્ત રેતા હોય છે, નવા વિચારો, હરીફાઈ માં ટકવું એ બધા માટે પોતાના મગજને નવી શક્તિ આપવી અથવા તો ફ્રેશ થઈ જવાના ઈરાદા થી અથવા તો મગજને નવા વિચારો આવે જેનાથી ધંધામાં અને હરીફાઈ માં અગ્રેસર થવા માટે તમાકુ સિગરેટ કે દારૂ નો સહારો લેતા હોય છે.પણ શરીર ની બરબાદી કરી ને આવું કોઈપણ વ્યાસન કરવામાં જરા પણ શાણપણ નથી.માટે હું કાન્તિલાળ જોશી યુવાનો ને આગ્રહ પૂર્વક વિનતી કરું છું હુકમ થી કહું છું કે તમાકુ છોડો સિગરેટ છોડો દારૂ છોડો. તમારા મગજને એક્ટીવ કરવ બીજું કઈ પણ કરો. પણ વ્યાસનના કરો.કરોડો રૂપિયા ભેગા કરી તેમણે ભોગવવાની શક્તિ જે વ્યસન લેતું હોય તો આવું કરવામાં કોઈ શાણપણ નથી જો તમે તમાકુ ખાતા હોવ તો આજથી પ્રતિજ્ઞા લો તમારા આરાધ્ય દેવના સમ લઈને હાથમાં પાણી લઈને જળ મુકો કે હવે આજથી તમાકુ બંધ તોજ સાચા રસ્તા પણ તમે પ્રગતિ કરી ગણાશે. મનસુખ ભાઈથી રહેવાયું નહિ કાંતિ લાલ તમે સલાહ તો સારી આપો છો.પણ કહો તો ખરા કે તમાકુની જગ્યા પર માણશો એ શું ખાવું જોઈએ. કાન્તિલાલ બોલ્યા શક્ય હોય તો કઈ ના કહવું જોઈએ. અને ખાવાનું મન હોય તો ઈલૈચી, લવિંગ, ધાનાદાળ કા તો ચ્યુવીંગમ ખાવી જોઈએ, મનસુખભાઈ બોલ્યા કાંતિ લાલ, સોપારી ખાવા માં શું વાંધો ?કાંતિલાલે કહ્યું મનસુખ સોપારી પણ ખરાબ જ છે, એકલી સોપારી ખાઓ કે તમાકુ સાથે ખાઓ બંનેની આડ અસર છે જ મનસુખ લાલ તમે જડબાનું કેન્સર થયેલા માણસ ને ઓપ્રેસન થાય પછી જોયેલા છે,તેનો ચહેરો કેટલો બિહામણો થઈ જાય છે.સામે જોતા બીક લાગે એટલેજ કહું છું કે બને તો ખોરાક સિવાય કોઈ વસ્તુ મોઢામાં રાખવી નહિ દાંત બગાડવા નહિ અને કેન્સરમાં ફસાવું નહીં.ચાલો આપણે આપણી આવતી કાલ સુધારીએ. ગામમાંથી પાનના ગલ્લા ઓને દેશવટો આપવો જોઈએ.